

હિમતનગરમાં શુક્રવારે વટ સાવિત્રીના વ્રતને લઈને કોરોનાના કેર વચ્ચે મહિલાઓએ વડની પૂજા કરી સુતરના તાંતણાથી પ્રદક્ષિણા કરી હતી. હિમતનગરમાં સવારથી મહિલાઓએ બપોર સુધી પૂજા અર્ચના કરી હતી. સોશિયલ ડીસ્ટન્સિંગના ધજાગરે.

# મોડાસામાં શાકભાજી-ફ્રુટનું વેચાણ કરનારાઓ માસ્ક વગર જોવા મળી રહ્યા છે

## સુપરસ્પ્રેડર બની શકે છે, શહેરીજનોમાં જાગૃતિનો અભાવ

લોકડાઉનના ચોથા તબક્કા બાદ રાજય સરકાર દ્વારા કોરોના મહામારી વચ્ચે અનલોક-૧ અમલી બનાવી કેટલીક છુટછાટો સાથે બજારો પુનઃ ધમધમતા કરવામાં આવ્યા છે. મોડાસા શહેરમાં ૪૧ લોકો કોરોનાગ્રસ્ત થયા છે જેમાં ૭ લોકોના મોત નિપજ્યા છે. હાલ મોડાસા શહેરમાં લોકલ રસ્તાથી મખદૂમ ચોકડી, ડીપ વિસ્તાર, મેઘરજ રોડ અને માલપુર રોડ પર શાકભાજી અને ફ્રૂટનું વેચાણ કરનારા ફેરિયાઓ, માલપુર રોડ પર સૌરાષ્ટ્રથી આવેલા કેસર કેરીના ટેમ્પો લઈ ઉભા રહેતા વેપારીઓ માસ્ક પહેર્યા વગર બિન્દાસ્ત ધંધો કરી રહ્યા છે. આવા ફેરિયાઓ અને વેપારીઓ



સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ખતરો નગરજનોના માથે તોળાઈ રહ્યો છે ત્યારે મોડાસા શહેરમાં માસ્ક પહેર્યા વગર ફરતા વ્યક્તિઓ પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી મોડાસા પાલિકા દ્વારા ખાનાપૂર્તિ શરુ શરૂ કરવામાં આવી છે, બીજી બાજુ શહેરમાં "દિવા તળે અંધારું" જેવો ઘાટ સર્જાયો છે, મોટા ભાગના ફેરિયાઓ, વેપારીઓ માસ્ક વગર જ વેપાર કરવા છતાં તેમની સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવે તે ખુબ જ જરૂરી છે.

મોડાસા શહેરમાં મુખ્ય માર્ગો પર ફેરિયાઓ માસ્ક પહેર્યા વગર વિવિધ ચીજવસ્તુઓનું વેચાણ કરતા હોવાથી શહેરીજનોમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી છે. નગરપાલિકા તંત્ર અને આરોગ્ય વિભાગે માસ્ક પહેર્યા વગર વેચાણ કરનાર ફેરિયાઓ સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવે અને હેલ્થકાર્ડ ધારક ફેરિયાઓને જ વેચાણ કરવાની મંજૂરી આપવામાં આવે નહી તો આગામી સમયમાં કોરોનાથી અનેક લોકો સંક્રમિત થવાનો ખતરો મંડરાઈ રહ્યો છે. મોડાસા શહેરના ચાર નગરજનો માટે સુપર સ્પ્રેડર બનતા કોઈ નહિ અટકાવી શકે નગરપાલિકાતંત્ર અને આરોગ્ય વિભાગે માસ્ક પહેર્યા વગર લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર શખ્સો સામે દંડાત્મક અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી જાગૃત નાગરિકોમાં માંગ પ્રબળ બની છે.

કોરોના મહામારીને નાથવા માટે લોકડાઉન અમલી બનાવ્યા બાદ લોકડાઉનના ચાર તબક્કા પછી અર્થતંત્રને વેગવંતુ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કેટલીક છુટછાટો સાથે બજારોને ખુલ્લા કરાયા છે. જો કે કોરોના વાયરસનું સંક્રમણ અટકે અને મહામારી વકરે નહી તે માટે બજારોમાં ભીડ ન જામે અને સોશ્યલ ડીસ્ટન્સનું પાલન થાય તેમજ બજારમાં ખરીદી તેમજ કામકાજ અર્થે બહાર નીકળતા લોકો ફરજિયાત માસ્ક પહેરે તેવું સુચન કરવામાં આવ્યું છે. તેમ છતાં શહેરમાં ખરીદી કરવા ઉમટતી ભીડ પણ માસ્ક પહેર્યા વગર બિન્દાસ્ત ખરીદી કરતી અને બજારોમાં ટહેલતી જોવા મળી રહી છે વાહનચાલકો પણ માસ્ક પહેર્યા વગર ખુલ્લેઆમ નગરમાં ફરતા જોવા મળી રહ્યા છે.

# સાબરકાંઠા જિલ્લો કોરોનાગ્રસ્ત બનવા પાછળના પરિબળો કોણ ?

## જિલ્લામાં અત્યાર સુધી કોરોનાનો ભોગ બનેલ ૯૪ દર્દીઓનો વાંક શું હવે પ્રજાએ સ્વયં જાગૃતિ રાખવાની તાતી જરૂરીયાત

ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામાં કોરોના મહામારીને લીધે વધુ લોકો કરોનાનો ભોગ ન બને તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે સતત ચાર વખત લોકડાઉનના આદેશ આપીને પ્રજાને ઘરમાં રહેવા અપીલ કરી હતી જોકે શરૂઆતના ૨૫ દિવસ સુધી સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો પ્રવેશ થયો ના હતો પરંતુ સાબરકાંઠા સિવાયના અન્ય સ્થળેથી આવેલા લોકો સાથે કોરોનાને લઈને આવ્યા હોવાથી સ્વસ્થ અને સ્વચ્છ સાબરકાંઠા જિલ્લાને કોરોનાનો ચેપ લાગવાનું શરૂ થઈ ગયુ હતું અન્ય સ્થળેથી આવેલા લોકોને લીધે તથા સંક્રમણમાં આવવાથી હિંમતનગર સિવિલમાં ફરજ બજાવતા સ્ટાફ દ્વધરનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવતાની સાથે જ જિલ્લાનું વહિવટીતંત્ર આળશ ખંખેરીને દોડતુ થઈ ગયુ હતું. સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનો સૌ પ્રથમ કેસ ગત તા.૫-૪-૨૦૨૦ના રોજ નોધાયો હતો. જેમાં હિંમતનગર સિવિલમાં ફરજ બજાવતા અને ખાનથી ગાડી ચલાવતા ૩૩ વર્ષિય યુવક કોરોનાની ઝપેટમાં આવ્યા બાદ આરોગ્ય વિભાગે તેની ટ્રાવેલ હીસ્ટ્રી તપાસતા તે રાજસ્થાનથી આવ્યો હોવાનું જણાયુ હતું. ત્યારબાદ તેના પરીવારને કોરોન્ટાઈન કરવામાં આવ્યુ હતું. તે પછી પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર સહિતના સ્થળે કોરોનાના કેસે દેખા દેવાનું શરૂ કર્યું હતું. દરમિયાન લોકડાઉનને લીધે સાબરકાંઠામાં રહેતા નાગરીકો બહાર ગયા ન હતા પરંતુ અમદાવાદ, વડોદરા, મુંબઈ અને વિદેશથી આવેલા કેટલાક સાબરકાંઠા વાસીઓએ વતનવાપસી કર્યા બાદ તેમના સંપર્કમાં આવેલા અંદાજે ૯૪ લોકો આજે કોરોના પોઝેટીવના લેબલ સાથે હિંમતનગર સહિતા અમદાવાદની સિવિલમાં સારવાર લઈ રહ્યા છે. જોકે તંત્રએ કોરોનાનું સંક્રમણ ઓછુ થાય તે માટે ૧૪ દિવસના એક એવા ચાર લોકડાઉનનો સઢ અમલ કરીને સાબરકાંઠા જિલ્લામાં તમામ ધંધા રોજગાર બંધ કરી દેવા આદેશ કર્યા હતાં જેના લીધે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયુ હતું અને સાથે લોકોમાં પણ કોરોનાનો ભય ફેલાઈ ગયો હતો. શરૂઆતના તબક્કામાં સરકારના લોકડાઉનના આ નિર્ણયને અનેક લોકો હળવાશથી લેતા હતા પરંતુ સાબરકાંઠા જિલ્લામાં જેમજેમ કોરોનાના કેસનો આંકડો વધતો ગયો તેમ તેમ લોકોએ સ્વયંભૂ કેન્દ્ર અને રાજય સરકારની ગાઈડલાઈનનો અમલ કરવાનું મન મનાવી લીધુ હતું જોકે કેટલાક કિસ્સાઓમાં લોકો કુટેવોને લીધે ઘરની બહાર નિકળતા હતા પરંતુ પોલીસ તંત્રની ઝપેટમાં આવતા તેવા લોકો પણ શાનમાં સમજીને ઘરે રહેવાનું ઉચિત માનવા લાગ્યા હતા. ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધી આંતર રાજ્યમાંથી ૪૪૭૨ જયારે વિદેશમાંથી આવેલા લોકોની સંખ્યાનો આંક ૬૮૦ પર પહોચ્યો છે. જિલ્લા બહારથી આવેલા કોરોનાના શંકા સ્પદ દર્દીઓના સંક્રમણમાં આવવાથી ૪-૬-૨૦૦ સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝેટીવનો આંક ૯૪ પર પહોચી ગયો છે. જોકે સ્થાનિક તંત્ર અને રાજયકક્ષાએ સાબરકાંઠા જિલ્લાના કોરોનાના દર્દીઓના આંકમાં તફાવત જરૂર છે પરંતુ આરોગ્યતંત્ર , અને સ્થાનિક વહિવટી તંત્ર જિલ્લાની પ્રજાને કોરોનાની સાથે જીવવાનું શિખવુ પડશે તેમ જણાવીને પોતાની જાતે જાગૃતિ રાખવા માટે અપીલ કરી છે.

# પ્રાંતિજ દેસાઈની પોળ વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં દેસાઈની પોળ ખાતેથી કોરોનાનો બીજો પોઝિટિવ કેસ મળી આવતા દેસાઈની પોળનો પાછળના વિસ્તારને કન્ટેઈમેન્ટ ઝોન જાહેર કરાયો. સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ કોવિડ-૧૯ ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ કોવિડ-૧૯ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ કોરોનાનો પોઝિટિવ કેસને લઈને વાયરસના સંકર્મણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના ભાગરૂપે ૧૪ દિવસ સુધી દેસાઈની પોળનો પાછળનો ભાગ કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરાયો છે.

જિલ્લા કલેકટર સી.જે. પટેલ તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે કોવિડ-૧૯નો કન્ટેનમેન્ટ એરીયા (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની



હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ કોવિડ-૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત અવર-જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા પ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત જિલ્લાના પ્રાંતિજ દેસાઈની પોળ ખાતે આવેલ અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુકયા છે. પ્રાંતિજ પીઆઈ એમ.ડી. ચંપાવત દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# મોડાસામાં રથયાત્રા મૌકૂફ, ભગવાન જગન્નાથ નગર ચર્ચાએ નહિ નીકળે

મોડાસા, તા. ૫

ગુજરાતમાં કોરોનાએ કહેર મચાવ્યો છે જેની મંદિરો પર ખૂબ જ અસર પડી રહી છે. દેશમાં અને રાજ્યમાં નીકળનારી રથયાત્રા પર પણ કોરોનાની અસર જોવા મળી રહી છે. આ વર્ષે ૨૩ જૂનના રોજ ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળવાની છે.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં દર વર્ષે ભગવાન જગન્નાથ યાત્રાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવે છે જેમાં મોટી સંખ્યામાં ભક્તો ભગવાન જગન્નાથની રથયાત્રામાં જોડાતા હોય છે. મોડાસા રથયાત્રા ઉત્સવ સમિતિએ કોરોનાની મહામારીના પગલે ૩૭ વર્ષથી નીકળતી રથયાત્રા મૌકૂફ રાખવાનો નિર્ણય લીધો હતો. નગરજનોએ અને પ્રશાસન તંત્રએ રથયાત્રા ઉત્સવ સમિતિના નિર્ણયની સરાહના કરી હતી.

અરવલ્લી જિલ્લામાં ૧૨૫ અને મોડાસા શહેરમાં ૪૧ લોકો કોરોનાથી સંક્રમિત બનતા લોકોમાં કોરોનાનો ખોફ જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો ભય વચ્ચે મોડાસા શહેરમાં સતત ૩૭ વર્ષથી ભગવાન બાલકદાસજીના નિજમંદિરેથી નીકળતી ભવ્યાતિભવ્ય રથયાત્રામાં ખુદ ભગવાન જગન્નાથ દર્શન આપવા નીકળતા હોવાથી ભક્તો પણ આતુરતાપૂર્વક આવકારવા અનેરો ઉત્સાહ જોવા મળતો હોય છે. ત્યારે મોડાસા શહેરમાં સતત કોરોનાના કેસ વધતા હોવાથી અષાઢી બીજે નીકળનારી ૩૮મી રથયાત્રા અંગે રથયાત્રા ઉત્સવ સમિતિ મોડાસા દ્વારા સ્થગિત કરવામાં આવી છે અને આ અંગે સમિતિના સદસ્યોએ જીલ્લા કલેક્ટર અને ટાઉન પોલીસને આ અંગે લેખિતમાં જાણ કરી હતી રથયાત્રા ઉત્સવ સમિતિના નિર્ણયને શહેરીજનો અને વહીવટીતંત્રએ આવકાર્યો હતો.

# ડી.જે.ના સંચાલકોને આર્થિક સહાય કરવા કલેક્ટરને આવેદનપત્ર

કોરોના વાયરસના પગલે આર્થિક ભીંસમાં આવેલા ડી.જે.ના સંચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. જેમણે શુક્રવારે સરકાર દ્વારા સહાય કરવામાં આવે તે માટે પાલનપુરમાં જિલ્લા કલેક્ટરને રજુઆત કરી આર્થિક પેકેજ આપવામાં આવે તેવી માંગ કરી હતી. કોરોના વાયરસના પગલે મોટાભાગના ધંધા રોજગાર પડી ભાગ્યા છે. તેવી સ્થિતી ડી.જે.ના સંચાલકોની જોવા મળી રહી છે.કોરોનાના સમય દરમીયાન લગ્નની સિજન પુરી થઈ અને કોરોનાના કારણે ધંધારોજગાર બંધ હોવાના કારણે ડી.જે.ના સંચાલકોની હાલત કફોડી બની છે.જેના પગલે સરકાર દ્વારા ડી.જે.ના સંચાલકોને આર્થિક સહાય કરવામાં આવે તે માટે જિલ્લા કલેક્ટરને રજુઆત કરવામાં આવી હતી.



## ધાનેરામાં વરસાદી ઝાપટા સાથે ભારે પવન ફૂંકાતા લોકો ભયભીત બન્યા

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા સહિત કેટલાક વિસ્તારમાં બપોરના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ભારેપવન ફૂંકાવા લાગ્યો હતો અચાનક વાતાવરણમાં પલટો અને ભારે પવન ફૂંકાતા લોકો પણ ભયભીત બન્યા હતા ભારે પવન અને કેટલી જગ્યા પર છાપરા ઉડી જવાના બનાવો સામે આવ્યા હતા તો કેટલીક જગ્યા પર લગાવેલા બેનર પણ ઉડી જવા પામ્યા છે અચાનક વાતાવરણમાં પલટો અને વરસાદી ઝાપટા સાથે ભારે પવન ફૂંકાતા લોકોની સાથે સાથે અબોલ પક્ષીઓ પણ વૈદિક બન્યા હતા અને ભારે પવનમાં પણ પક્ષીઓ મોત સામે ઝઝૂમતા કેમેરામાં કેદ થયા હતા.